# સંશોધન નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી
### આણંદ-૩૮૮ ૧૧૦


વંચાણે લીધો: અત્રેની કચેરીના પરીપત્ર જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/૨૯૦૨/૨૦૨૪ તા.૧૬/૦૭/૨૦૨૪

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ સંદર્ભિત પરીપત્રથી મુખ્ય કેમ્પસ તથા પેટા કેન્દ્રો ખાતે સી.સી.ટી.વી. કેમેરા મુકવા માટે જણાવેલ હતું. આ બાબતે અત્રેની કચેરી દ્વારા ચકાસણી કરતા સદર કામગીરી પૂર્ણ કરેલ હોય તેમ જણાતું નથી. જેથી સદર બાબતની ગંભીરતા સમજીને સી.સી.ટી.વી. કેમેરા મુકવા માટે તાત્કાલિકના ધોરણે કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

વધુમાં, વંચાણે લીધેલ સંદર્ભિત પરીપત્રમાં આપેલ વિગતવાર ગાઇડલાઇન/સુચનાનો અમલ કરવાનો રહેશે.

સદર પરિપત્રને પ્રાથમિકતા આપીને ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ સદર કામગીરી પૂર્ણ થયે અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

અત્રેની કચેરીની અસલ નોંધ પર માન.કુલપતિશ્રીએ મંજૂરી આપેલ છે.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ટી.૧/૫૫૨૮-૩૨/૨૦૨૪
તા.૨૩/૧૨/૨૦૨૪

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ રવાના પ્રતિ,**

1. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
2. નિયામકશ્રી (આઇ.ટી.), આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા જરૂર જણાયે સંબંધિત યુનિટ/સબ યુનિટને તાંત્રિક માર્ગદર્શન આપવા સારૂ.
3. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
4. નિયામકશ્રી (વિધાર્થી કલ્યાણ પ્રવૃતિઓ), આ.કૃ.યુ, આણંદ તરફ જાણ તથા જે તે આચાર્ય અને ડીનશ્રી દ્વારા દરેક હોસ્ટેલમાં ઉપરોકત વિગતે કેમેરા ઇન્સ્ટોલ થાય તે સુનિશ્ચિત કરવા સારૂ.